મોતી બાપુના પદચિન્હો ઉપર ચાલવાનો સતત પ્રયાસ ...



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India | Dudhsagar The Pride of India

અંક - ૧ । વર્ષ - ૨ । જુલાઈ - ૨૦૨૨ | www.dudhsagardairy.coop | twitter.com/dudhsagardairy | dudhsagardairyofficial | youtube.com/c/DudhsagardairyCoop

## પદ્મશ્રી. માલજીભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતીમાં અશોકભાઈ ચૌધરીએ આપ્યું

# પવિત્રતાનું પ્રમાણપત્ર




## દૂધનું દૂધમાં - પારદર્શિતા બોલે છે :

**(૧)** દૂધસાગરના ઈતિહાસના 63 વર્ષનો સૌથી મોટો વાર્ષિક દૂધનો ભાવવધારો 321 કરોડ ₹ આશરે 14% જેણે સાબિત કર્યું છે કે ; હવે, રૂપિયો છેવાડાના પશુપાલકને મળશે **(૨)** દૂધના ભાવમાં 60 ₹ ના વધારા સાથે દૂધ ઉત્પાદકોને વાર્ષિક આશરે 200 કરોડ ₹ નો ફાયદો આપવામાં આવ્યો **(૩)** ગુજરાતની અન્ય ડેરીઓ કરતા સાગરદાણને ₹૧૫૦ સસ્તુ રાખી પશુપાલકોને વાર્ષિક આશરે 100 કરોડ ₹ નો ફાયદો અને વેચાણમાં 40% નો વધારો નોંધાયો **(૪)** દૂધસાગર દ્વારા ભૂતકાળમાં લેવામાં આવેલી લોનમાં ગત વર્ષે ₹ 49 કરોડ અને આ વર્ષે ₹ 263 કરોડ ના ઘટાડા સાથે કુલ દેવામાંથી ₹312 કરોડ ચૂકવીને સંસ્થાના માથેથી ભાર હળવો કરવામાં આવ્યો **(૫)** છેલ્લા ત્રણ વર્ષથી પશુપાલકોના વિવિધ કારણોસર અટવાઈ ગયેલા વિમા ક્લેઈમ મંજૂર કરાવવા ડેરી તંત્રએ પોતાની નૈતિક જવાબદારી સમજી કુલ ૩૫૪૬ વિમા ક્લેઈમ મંજૂર કરાવી ₹ 12.41 કરોડ પશુપાલકોને પહોંચતા કર્યા **(૬)** પશુસારવાર વિઝીટમાં ₹100 ના ઘટાડા સાથે 38% વિઝીટ સેવાઓના વધારા સાથે તમામ રેકોર્ડ બ્રેક સાથે પશુપાલકોને વાર્ષિક આશરે ₹100 કરોડ નો ફાયદો આપવામાં આવ્યો **(૭)** ગત ફેબ્રુઆરી માસમાં દૂધસાગરના ઈતિહાસનું સૌથી વધુ દૂધસંપાદન ૨૫.૧૯ લાખ કિલો થવાની સાથે દૂધની આવકમાં 11.49 % નો વધારો નોંધાયો **(૮)** દૂધસાગરનું ગ્રામીણ વેચાણ દૈનિક 55301 લીટર સાથે માલ વેચાણમાં 14.49 % નો ધરખમ વધારો નોંધાયો **(૯)** દૂધસાગરના કુલ ટર્ન ઓવરમાં 20% ના વધારા સાથે વેપારનો સૂચીતાંક ₹ 6028 કરોડે પહોંચ્યો **(૧૦)** કર્મચારીઓની સેટલમેન્ટ અંગેની લાગણી સંતોષી દૂધસાગરની પારિવારીક ભાવના મજબૂત કરવામાં આવી **(૧૧)** વધુ ડિવિડન્ડ આપી ₹1 કરોડ અને થાપણ ઉપર વધુ વ્યાજ આપી ₹2 કરોડનો ફાયદો આપવામાં આવ્યો.

# મોતીબાપુ જન્મ શતાબ્દી વંદના વર્ષ ( 2022 )



**ઘેમરભાઈના શબ્દોમાં એક પ્રસંગ :**

"બન્યું એવું કે એક દિવસ મોતીભાઈના બાપા રણછોડભાઈએ સંસ્થા માટે લાવેલા વાંસના ઢગલામાંથી એક વાંસ લઈને તેને વાંસીનો હાથો બનાવવાના ખ્યાલથી માણેકપુરને મારગે ચાલતી પકડી ને દૂરથી મોતીભાઈ આ જોઈ ગયા. અને છોકરો દોડાવી તેમને પાછા બોલાવ્યા. રણછોડ ભગત બોલ્યા, કેમ મોતીરામ મને પાછો બોલાવ્યો ? ત્યાં તો મોતીબાપુ તાડુક્યા : પહેલાં આ વાંસ ઢગલામાં મૂકી દો પછી વાત કરો. આ વાંસ મારા બાપનો નથી, સંસ્થાનો છે "

ત્યાં તો ભગત (રણછોડભાઈ) સામેથી બાખડ્યા : મેર મદન ! દસ-દસ દા'ડાથી હું હળ ખેડવા મફત આવું છું ને આવા બે રૂપિયાની શેખાઈવાળા વાંસ માટે તે મારી આબરૂ લીધી? મૂકી દે મારા દસ દિવસના જોડના પૈસા. મોતીભાઈ જવાબ આપ્યો : "સંસ્થાને આપવાનું હોય, તેનું લેવાનું ન હોય" ભગત વીલા મોઢે લાચાર અવસ્થામાં બબડતાં બબડતાં ઘેર ઊપડ્યા ને બબડતાં ગયા. હવે પછી મંગાવજે મારી જોડી, કેવું ખેડાય છે એ તને પણ ખબર પડે ... આ દર્શન એ મોતીભાઈના સમગ્ર જીવનનું દર્શન બની ગયું. જોનારા અનેક માટે પ્રેરણારૂપ બની ગયું

(સાભાર : શ્રી રઘુવીરભાઈ ચૌધરી-ઉત્તર ગુજરાતનું અનોખું મોતી પુસ્તક પરથી)

## 62 મી સાધારણ સભામાં સભાસદોએ ઉભા થઈ એકસૂરે ૨૮૦ કરોડનો પાવડર પ્લાન્ટ મંજૂર કર્યો

"મોતીબાપુના સ્મરણમાં દૂધસાગર સૈનિક સ્કૂલનું નામ મોતીભાઈ રણછોડભાઈ ચૌધરીને સમર્પિત કરાશે"



દૂધસાગરની ઐતિહાસિક ૬૩ મી સાધારણ સભામાં ડીરેક્ટર કમલેશભાઈ દ્વારા અગાઉથી નિર્માણ થનાર પાવડર પ્લાન્ટનો ઠરાવ રદ કરવાની લેખિત રજુઆત કરાઈ હતી. ત્યારે સાધારણ સભામાં દૂધસાગર ડેરીના પારદર્શક વહીવટ અને લોકશાહીના હિમાયતી શ્રી.અશોકભાઈ ચૌધરીએ પોતાના વક્તવ્ય દરમ્યાન બે વર્ષ બાદ તૈયાર થનારા પાવડર પ્લાન્ટની જરૂરીયાત તથા અગાઉ પાવડર બનાવવામાં ભોગવવો પડતો ખોટો ખર્ચ વિશે જાહેરમાં સભાસદોને વાકેફ કરી શું નિર્ણય કરવો? તે પ્રકારનો હકનો દડો પશુપાલકોના મેદાનમાં મૂક્યો ત્યારે ઉપસ્થિત હજારો પશુપાલકોના પ્રતિનીધીઓએ ઉભા થઈ એક સૂરે- એક અવાજે- સર્વ સંમતિથી પાવડર પ્લાન્ટ મંજૂર કર્યો હતો. આ સાથે મોતીભાઈ જન્મવર્ષની આખુ વર્ષ ઉજવણી તેમજ દૂધસાગરને પ્રાપ્ત કેન્દ્ર સરકારની સૈનિક સ્કૂલને મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી નામ પ્રદાન કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

## મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા મોતીભાઈના અંતેવાસી પદ્મશ્રી.માલજીભાઈ દેસાઈનું બહુમાન કરાયું





દૂધસાગર ડેરીના પાયા ખોદાયા ત્યારથી સ્વ.માનસિંહભાઈ અને મોતીભાઈના સમય દરમ્યાન પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે આપણી દૂધસાગરના વહિવટમાં ઉજળી ભાગીદારી નિભાવનાર સંત તૂલ્ય અને ગાંધીવાદી વિચારસરણીને જીવનાર - ગાંધી આશ્રમ ઝીલીઆના સંચાલક એવા વંદનીય માલજીભાઈ દેવજીભાઈ દેસાઈને તાજેતરમાં ભારત સરકાર દ્વારા મહામહીમ રાષ્ટ્રપતિના વરદ હસ્તે "પદ્મશ્રી."એનાયત કરવામાં આવ્યો હતો ત્યારથીજ દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને સાથી નિયામક મંડળ માલજીભાઈ દેસાઈને તેમના કર્મ-મંદિર દૂધસાગરના આંગણે વધામણાં કરવા આતૂર હતા. આ આતૂરતાનો અંત લાવતાં દૂધસાગરની ૧૪ જૂનની સાધારણ સભા પછી સંસ્થાના વર્તમાન રખેવાળોએ છ લાખ પશુપાલકોના હિતમાં અનેક નિર્ણયોની સાથે પદ્મશ્રી. માલજીભાઈ દેસાઈનું સાલ અને સન્માનપત્ર આપી તેમનો રાજીપો તથા આર્શિવાદ મેળવ્યા હતા. આ તબક્કે માલજીભાઈ દેસાઈએ અશોકભાઈના નેતૃત્વ હેઠળ દૂધસાગર સ્વ.મોતીભાઈ ના શુધ્ધ વહિવટની સુગંધ પ્રસરાવી રહી હોવાનું જણાવ્યું હતું.

## અશોકભાઈના દૂધસાગર આગમન બાદ દૂધનો ભાવ સવા વર્ષમાં

## ૬૫૦ થી ૭૨૦

તા.૧૫ જાન્યુઆરી -૨૦૨૧ થી પોતાના સાથી નિયામક મંડળ સાથે દૂધસાગર સંસ્થાનો ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળતાં ની સાથે આ સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીએ પશુપાલકો આ સંસ્થા નું પ્રથમ લક્ષ હોવાનું પૂરવાર કર્યુ છે. પ્રથમ દિવસથી જ ₹૧૦ ના ભાવવધારાના શુભ સકુનથી પોતાના વહિવટની શરૂઆત કરી વિતેલા ૧૫ માસ દરમ્યાન તબક્કાવાર - જરૂરીયાત પ્રમાણે તેઓએ સતત દૂધમાં ભાવ વધારો આપવાનું ચાલુ રાખી છલ્લે ૬૩ મી સાધારણ સભામાં પ્રતિકીલો ફેટે નવા ૧૦₹ ના ભાવ વધારા સાથે દૂધનો ભાવ ₹૭૨૦ ની સપાટીએ લાવી ગુજરાતના તમામ દૂધસંઘો સાથે કદમ તાલ મિલાવી દૂધસાગરના સુંદર વહિવટની સુવાસ ચારેકોર પ્રસરાવી હોવાનું હવામાનના વરતારામાં અનુભવાઈ રહ્યું હોવાના સંકેત પ્રાપ્ત થઈ રહ્યા છે. ૬૫૦ નો ભાવ અનેક સમય થી ભૂતકાળમાં સ્થિર હતો તેમાં ૧૫ માસમાં ૭૦₹નો વધારો તેમના શુધ્ધ વહિવટની ગવાહી પૂરે છે તેવું જણાવતાં પશુપાલકો કહી રહ્યા છે કે : દૂધસાગરમાં મોતીભા રૂપ બદલીને આવ્યા છે.



## મોતીબાપુ જન્મ શતાબ્દી વંદના વર્ષ

મોતીભાઈ સેવાદળનું કામ કરતા હતા તે જમાનાની વાત. ત્યારે હું ખેરવાની માધ્યમિક શાળામાં શિક્ષક. એકવાર ગૃહિણીની અનુપસ્થિતીમાં મોતીભાઈને મારે ત્યાં રાતવાસો રહેવાનું થયું. સવારે એમને માટે દૂધ ગરમ કરવા હું કોલસાની સગડી પેટાવવા મથતો હતો. મોતીભાઈએ જોયું કે આ નિશાળિઓ ઠોઠ છે ! તરત વહારે ધાયા. સગડી પેટાવી આપી. તપેલી મને સોંપીને કહે, “તમે આ સંભાળો, હું કચરો વાળી નાખું”

હું ચમક્યો. આવા મોંઘા અતિથિ મારે ઘેર કચરો વાળે એ જોવા આંખ તો શું, સાંભળવા કાન પણ તૈયાર નહોતા ! તપેલી પડતી મૂકીને હું ઊભો થઈ ગયો. ‘અરે ! અરે ! હું વાળી નાખીશ હમણાં ! તમે મારા મહેમાન - મારે ઘેર કચરો વાળો એ શોભે ?’

મોતીભાઈએ ઝડપથી સાવરણી ફેરવતાં કહ્યું, ‘જુઓ જો ! શોભે છે કે નહિં ?’

મેં સાવરણી પડાવી લેવા પ્રયત્ન કર્યો પણ એમ ગાંઠે તો મોતીભાઈ શાના ?

ઉપરોક્ત ઘટના પછી તો જાણવા મળ્યું કે મોતીભાઈ, ભલભલાના મગજમાં ભરાયેલો કચરો પણ કાઢી નાખે છે !

ભાનુપ્રસાદ ત્રિવેદી

(ઉત્તર ગુજરાતનું અનોખું મોતી પુસ્તક ઉપરથી...)

## પશુપાલકોએ જરૂર મૂલ્યાંકન કરવું જોઈએ !

## વિતેલા સાત વર્ષના ભાવ વધારાના લેખા-જોખા

| વર્ષ | ચુકવેલ નફો (કરોડ ₹ માં) | સાચો નફો (કરોડ ₹ માં) | અંદાજીત ચુકવેલ ટકા | અંદાજીત સાચા ટકા |
|---|---|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૦૨.૪૬ | ૧૦૨.૪૬ | ૫.૪૭% | ૫.૪૭% |
| ૨૦૧૬-૧૭ | ૧૩૪.૯૯ | ૧૩૪.૯૯ | ૬.૯૭% | ૬.૯૭% |
| ૨૦૧૭-૧૮ | ૧૨૦.૦૦ | ૧૯.૨૦ | ૫.૫૩% | ૦.૮૮% |
| ૨૦૧૮-૧૯ | ૧૬૦.૦૦ | ૧૦૦.૭૭ | ૭.૧૬% | ૪.૮૭% |
| ૨૦૧૯-૨૦ | ૧૭૬.૦૦ | ૭૧.૦૦ | ૮.૪૫% | ૪.૮૦% |
| ૨૦૨૦-૨૧ | ૧૩૧.૩૨ | ૨૩૭.૧૪ | ૫.૬૫% | ૧૦.૧૯% |
| ૨૦૨૧-૨૨ | ૩૨૧.૦૦ | ૩૨૧.૦૦ | ૧૪.૦૦% | ૧૪.૦૦% |

# આપ્યું દૂધ અપાર

## દૂધસાગરના શ્રેષ્ઠ દૂધ ઉત્પાદકો



ચૌધરી હર્ષદકુમાર મહાદેવભાઈ
(આવક : ₹ ૧,૨૪,૭૨,૬૮૧)




ચૌધરી રાજીબેન જયેશકુમાર
(આવક : ₹ ૯૯,૦૧,૨૮૨)



ઠાકોર હેતલબેન સુનિલકુમાર
(આવક : ₹ ૭૦,૯૬,૨૪૮)



દેસાઈ સેજલબેન કલ્પેશભાઈ
(આવક : ₹ ૭૦,૫૯,૦૪૪)



ચૌધરી પરથીભાઈ ચેલાભાઈ
(આવક : ₹ ૭૦,૨૨,૪૬૮)



પટેલ શબ્બીભાઈ વલીભાઈ
(આવક : ₹ ૬૪,૧૩,૮૩૨)



પટેલ હંસાબેન પંકજભાઈ
(આવક : ₹ ૬૩,૦૫,૧૯૪)



ચૌધરી અંબાબેન પ્રહલાદભાઈ
(આવક : ₹ ૬૨,૧૩,૬૫૩)



ભરવાડ સામંતભાઈ મહાદેવભાઈ
(આવક : ₹ ૬૧,૪૪,૧૭૯)



પટેલ ચિરાગકુમાર ત્રિકમભાઈ
(આવક : ₹ ૬૧,૧૨,૮૫૩)

## પશુઓ માટે લીલા ઘાસચારાની અછત નિવારવા દૂધસાગર ડેરીની પહેલ

# લીલા ઘાસનું અથાણું એટલે સાગર સાયલેજ





### મોતીબાપુ શતાબ્દી વંદના વર્ષ



રૂપેણ નદીના ભયંકર પૂર વખતે બાંધકામ મંત્રી તરીકે મોતીબાપુની કામગરી અભૂતપૂર્વ રહી. નાવિયાણીથી ફતેપુર ના તૂટેલા રસ્તા વિશે એન્જિનીયરને પૂછ્યું તો કહે કે - 'સાહેબ પ્લાન બનાવી રસ્તો તૈયાર કરાવીએ, પંદર-વીસ દિવસમાં થઈ જશે.' બાપુએ કહ્યું 'વીસ દિવસ લોકો હેરાન થાય ?' તમે પ્લાન બનાવજો. અને ઝડપથી નિર્ણય કરી ધોતિયાનો કછોટો મારી સાઈડમાં પડેલા પથ્થરો ઉપાડીને ખાડા પૂરવાનું શરૂ કર્યુ. સાથે ત્રણસો - ચારસો માણસોનો કાફલો જોડાયો. અને ત્રણ - ચાર કલાકમાં ચાર કિ.મી. નો રસ્તો તૈયાર !

બચુભાઈ દવે
(ઉત્તર ગુજરાતનું અનોખું મોતી પુસ્તક પરથી ...)

દૂધસાગરના તમામ પશુપાલકો એ વાત સારી રીતે જાણે છે કે : પશુદીઠ વધુમાં વધુ દૂધ ઉત્પાદન એ વ્યક્તિગત રીતે સુખી સંપન્ન બનવા તથા આપણી દૂધસાગરના સર્વાંગી વિકાસ માટે મહત્વનું છે. દૂધ ઉત્પાદનમાં ક્રાંતિ લાવવા માટે દૂધાળા પશુઓને બારેમાસ ઉત્તમ ગુણવત્તા વાળો લીલો ઘાસ ચારો મળી રહે તે સમયની જરૂરીયાત છે. ઋતુચક્રના ફેરફાર સમગ્ર વિશ્વમાં જોવા મળી રહ્યા છે. બદલાતી ઋતુઓ, ક્યાંક અતિભયંકર વરસાદ - ક્યાંક કેવળ દૂકાળ - ક્યાંક ભયંકર ઠંડી તો ક્યાંક ભયંકર ગરમી નોંધાતી હોવાનું સામે આવી રહ્યું છે. સમયચક્રનો આ ફેરફાર પાણી અંગે પણ આપણને ફેર વિચારણા કરવા મજબૂર કરી રહ્યો છે ! નીલગાય - ભૂંડ જેવા પશુઓનો ત્રાસ વગેરે કારણસર પશુપાલકો બારેમાસ ઉત્તમ ગુણવત્તા વાળો લીલો ઘાસચારો પશુઓને આપી શકતા નથી. આ સમસ્યાના ઉકેલ માટે દૂધસાગરના જાગૃત ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીના આદેશ અને સીધા માર્ગદર્શન હેઠળ આપણે સાગર સાયલેજ એટલે કે સોળ થી અઢાર માસ સચવાય તેવું લીલા ઘાસચારાનું અથાણું લઈ પશુપાલકો સમક્ષ ઉપલબ્ધ છીએ.

**આ સાગર સાયલેજ શું છે ?** સાગર સાયલેજ એ ઉત્તમ એવી મકાઈના બિયારણમાંથી તૈયાર થયેલ મકાઈનાં ડોડા સાથેના પાકની કાપણી કરી ખૂબજ દબાણયુક્ત પ્રેસ કરી હવાચુસ્ત રીતે પ્લાસ્ટીકની શીટમાં ગાંસડી (બેલ) સ્વરૂપે પેક કરેલું લીલા ઘાસચારાનું એક પ્રકારે પૌષ્ટિક અથાણું છે.

**સાગર સાયલેજની વિશેષતાઓ :**

| સાગર સાયલેજ - બંધારણ | અંદાજિત ટકાવારી |
|---|---|
| ક્રુડ પ્રોટીન | ૭% |
| ક્રુડ ફેટ | ૧.૫% કે વધુ |
| ક્રુડ ફાઈબર | ૨૪% થી ૩૨% |
| ભેજ | ૬૫% થી ૩૨% |
| પી.એચ. | ૩.૫% થી ૪.૨% |

સાગર સાયલેજનું ઉત્પાદન ડોડા સહિતની સારી લીલી મકાઈમાંથી કરવામાં આવે છે. આ સાયલેજની ગાંસડીનું વજન આશરે ૮૦ થી ૧૦૦ કિલો થવા પામે છે. સાગર સાયલેજની ગાંસડીનું બંધારણ એ પ્રકારે રાખવામાં આવ્યું છે કે ; આ ગાંસડી ગોડાઉન કે શેડ વગર બારેમાસ ખુલ્લી જગ્યામાં રાખી શકાય છે. સાગર સાયલેજની અકબંધ પેક ગાંસડી ૧૬ થી ૧૮ માસ આરામથી સચવાય છે. સાગર સાયલેજ ગાંસડીને એક બાજુથી ખોલી તેનો ૧૬ થી ૧૮ માસ સુધી રોજે-રોજ ઉપયોગ કરી શકાય છે. સાગર સાયલેજનો વપરાશ કરી જ્યારે પ્લાસ્ટિકનું કવર છુટુ પડે ત્યારે પર્યાવરણને નુકશાન ન થાય તે રીતે તેનો નિકાલ કરવાની જવાબદારી એક શિષ્ટ ભારતીય હોવાના નાતે દરેક પશુપાલકોએ તેનું ધ્યાન રાખવું જોઈએ.

**સાગર સાયલેજના ફાયદા :**

- સાગર સાયલેજ એ એક એવો પશુઆહાર છે જે દૂધ ઉત્પાદનમાં પશુપાલકને ભરપુર મદદ પહોંચાડે છે.
- સાગર સાયલેજ જમીનવાળા અને જમીન વિહોણા અથવા તો ઓછી જમીન વાળા પશુપાલકો આ આહારની મદદથી પશુપાલનનો વ્યવસાય કરી શકે છે.
- રોજે રોજ ખેતરમાંથી લીલો ઘાસચારો કાપણી કરી લાવવાની અને ચાફીંગ કરીને પશુઓને આપવાની ઝંઝટમાંથી મુક્તિ તથા સમય અને મજૂરી ખર્ચમાં ફાયદો આપે છે.
- સાગર સાયલેજ સાથે પશુઓને તેમાં સુકો ચારો ભેળવીને ખવડાવવાથી પશુઓની પાચન શક્તિ મજબૂત રહે છે.
- મોટા પશુઓને દૈનિક પાંચ થી દશ કિલો સાગર સાયલેજ લીલા ઘાસચારાની અવેજમાં આપી શકાય છે.
- એક સંશોધન પ્રમાણે ૧.૫ (દોઢ) વર્ષ ઉપરની વાછરડીને દૈનિક ૩ થી ૫ કિલો સાગર સાયલેજ અને ૧.૫ (દોઢ) વર્ષથી નાની ઉંમરના પશુઓને દૈનિક ૩ કિલો સાગર સાયલેજ આપવાથી આ પશુધનને તંદુરસ્ત રાખવામાં ભારે મદદ મળે છે. ભયંકર વરસાદના દિવસોમાં ચારેકોર પાણી ભરાઈ જાય તેવા સમયે સાગર સાયલેજ (લીલા ઘાસચારાનું અથાણું) આર્શિવાદ રૂપ બને છે. તો ગરમીના - ઉનાળાના આકરા તાપમાં જ્યારે ચારેતરફ લીલા ઘાસચારાની અછત વર્તાય છે ત્યારે દૂધસાગર ડેરીનું ઉત્પાદન એવું આપણું સાગર સાયલેજ પશુઓ માટે દેવદૂત રૂપ સાબિત થશે.

દૂધસાગરના વર્તમાન ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી અને તેમની સાથેનું જાગૃત નિયામક મંડળ સંસ્થાના ઉચ્ચ અધિકારીઓ જેવા કે MD શ્રી. ધીરજકુમારના માર્ગદર્શન હેઠળ દૂધસાગરના કાર્યક્ષેત્રમાં પશુપાલક આર્થિક રીતે વધુમાં વધુ સુખી સંપન્ન બને અને ઉત્તર ગુજરાતની આન -બાન અને શાન ગણાતી આપણી દૂધસાગર સાચા અર્થમાં દૂધનો દરિયો બની સમૃધ્ધિની છોળો ઉઠે તેનું વર્તમાન સમયે ભારે મનોમંથન ચાલી રહ્યું છે. અને આ વિચાર મંથનમાંથી દૂધસાગરના પશુ નિષ્ણાતોએ તૈયાર કરેલું આ લીલા ઘાસચારાનું અથાણું - સાગર સાયલેજ ને અપનાવી સુખી સંપન્ન બનવાની સાથે આપણા ચેરમેન શ્રીનું દૂધસાગરમાં દૈનિક ૫૦ લાખ લિટર દૂધ સંપાદનનું સહિયારું સપનું પુરુ કરીએ.

**નોંધ : ટ્રાન્સપોર્ટની સરળતા માટે જે-તે મંડળી ઉપર ૨૫ ટન ની આસપાસ ના ઓર્ડર લઈને નજીકના પશુ સ્વાસ્થ્ય કેન્દ્ર ઉપર લેટરપેડ કે ઓર્ડરબુક ઉપર માગણી મોકલી આપવી તથા ડૉ.એચ.એલ પટેલ ના મોબાઈલ નંબર ૮૧૨૮૬૭૩૯૧૮ પર જાણ કરવી.**

## અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળ શાસિત દૂધસાગરમાં વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન

### ગુજરાતના પશુપાલકોને રાજસ્થાન કરતાં

# 458 કરોડ રૂપિયા વધુ મળ્યા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) માં તા.૧૫ જાન્યુઆરી - ૨૦૨૧ ના રોજ પોતાના નિયામક મંડળના સાથીઓ સાથે પદગ્રહણ કર્યા બાદ વિતેલા ૧૬ માસ દરમ્યાન સંસ્થાના તપસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી અને તેમનું સમગ્ર નિયામક મંડળ મૂળ જૂના મહેસાણા જિલ્લાના પશુપાલકોને વધુમાં વધુ દૂધનો ભાવ ચૂકવાય તે માટે 24X7 ના હિસાબથી કાર્યરત છે. પારદર્શીતા અને કરકસરને વહિવટના મૂખ્ય સૂત્રો માની આ સમગ્ર ટીમ અહીંના સ્થાનિક પશુપાલકોનો વિશ્વાસ સંપાદન કરવા મથામણ કરી રહી છે. તાજેતરમાં ગામડા - ગામના પશુપાલકોને આંકડાની માયાજાળમાં ફસાવી કેટલાક લોકો જાહેરમાં કે સોશિયલ મિડીયા દ્વારા ગુજરાત કરતાં રાજસ્થાનના પશુપાલકોને દૂધના વધુ ભાવ આપવામાં આવે છે તેવો ભ્રામિક અસંતોષ ફેલાવવામાં આવી રહ્યો છે. ત્યારે એક સંસ્થાના મુખપત્ર તરીકે અમારા સાડા છ લાખ પશુપાલકો સત્ય હકીકતથી વાકેફ થાય તેવા પારદર્શી હેતુ થી અમોએ દૂધસાગરના વહિવટીય વિભાગનો સંપર્ક કરી વિતેલા ત્રણ વર્ષના ગુજરાત અને ગુજરાત બહારની દૂધ ખરીદીના કોઠા મેળવી તેનું તજજ્ઞો દ્વારા મૂલ્યાંકન કરાવ્યું તો ; સત્ય અમારી સમક્ષ આવી પોતાની સાક્ષી પૂરાવી રહ્યું છે !!

ઉપરોક્ત દૂધસાગરના ચોપડે નોંધાયેલ હિસાબો પ્રમાણે : વર્ષ ૨૦૧૯-૨૦ માં ગુજરાત બહારથી કુલ ૨૫૦૮.૦૩ લાખ કિલો દૂધની ખરીદી કરવામાં આવી હતી અને તે હિસાબથી રોજની ૬.૮૭ લાખ કિલો દૂધની ખરીદી ગુજરાત બહારથી કરવામાં આવી હતી. જેનો સરેરાશ એવરેજ ફેટ ૫.૮૭ રહ્યો હતો અને તે પ્રમાણે એક કિલો દૂધનો ભાવ ૪૩.૯૪ રૂપિયા થવા પામ્યો હતો. આમ, વર્ષ ૨૦૧૯-૨૦ માં ગુજરાત બહારની દૂધ ખરીદીમાં ૧૧૦૧૯૦.૮૯ લાખ રૂપિયા કુલ ૨૫૦૮.૦૩ લાખ લિટરની ખરીદીમાં ચૂકવવામાં આવ્યા હતા - આજ વર્ષ દરમ્યાન ગુજરાતમાંથી કુલ ૬૮૪૬.૩૭ લાખ કિલો દૂધની ખરીદી કરવામાં આવી હતી અને તે હિસાબથી રોજની ૧૮.૭૬ લાખ કિલો દૂધની ખરીદી થઈ હતી. જેનો સરેરાશ એવરેજ ફેટ ૫.૨૮ રહેવા પામ્યો હતો અને તે પ્રમાણે એક કિલો દૂધનો ભાવ ૩૭.૧૫ રહેવા પામ્યો હતો. આમ, વર્ષ ૨૦૧૯-૨૦ માં ગુજરાતની દૂધ ખરીદીમાં ૨૫૪૩૧૪.૮૬ લાખ રૂપિયાની દૂધ ખરીદી કરવામાં આવી હતી. **આ હિસાબથી : વર્ષ ૨૦૧૯-૨૦ ની ગુજરાત અને ગુજરાત બહારની દૂધ ખરીદીમાં મહેસાણાના દૂધ ઉત્પાદકોને એક સમાન ૫.૮૭ ફેટ મુજબ એક કિલો ફેટે ૪.૮૨ રૂપિયા ઓછા ચૂકવાયા હતા જેની કુલ ગણતરી કરતાં રાજસ્થાન કરતાં મહેસાણાના દૂધ ઉત્પાદકોને વાર્ષિક આશરે ૩૩૦ કરોડ રૂપિયા ઓછા મળ્યા હતા.**

વર્ષ ૨૦૨૦-૨૧ ના હિસાબો પ્રમાણે : આ સમય દરમ્યાન ગુજરાત બહારથી કુલ ૩૦૯૫.૧૪ લાખ કિલો લિટરની દૂધ ખરીદી કરવામાં આવી હતી અને એ પ્રમાણે ; રોજની ૮.૪૮ લાખ કિલો દૂધની ખરીદી ગુજરાત બહારથી કરવામાં આવી હતી. જેનો એવરેજ ફેટ ૫.૬૩ રહેવા પામ્યો હતો અને તે પ્રમાણે , એક કિલો દૂધનો ખરીદ ભાવ ૩૮.૨૮ થવા પામ્યો હતો જેની કુલ રકમ ૧૧૮૪૮૪.૮૩ લાખ રૂપિયા ચૂકવવામાં આવી હતી. આ વર્ષ દરમ્યાન જ ગુજરાતમાંથી કુલ ૭૧૦૩.૨૭ લાખ કિલો દૂધની ખરીદી થવા પામી હતી તેથી, રોજની ૧૯.૪૬ લાખ કિલો દૂધની ખરીદી એવરેજ કરવામાં આવી હતી જેનો સરેરાશ એવરેજ ફેટ ૫.૨૬ રહેવા પામ્યો હતો. અને તે પ્રમાણે એક કિલો દૂધનો ભાવ ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં ૩૯.૮૭ રહેવા પામ્યો હતો. **આ હિસાબથી : રાજસ્થાન કરતાં મહેસાણાના દૂધ ઉત્પાદકોને એક સમાન ૫.૬૩ ફેટ પ્રમાણે કિલોએ ૨.૭૩ રૂપિયા વધુ ચૂકવવામાં આવ્યા હતા. જેની કુલ ગણતરી કરતાં રાજસ્થાન કરતાં મહેસાણાના દૂધ ઉત્પાદકોને વાર્ષિક આશરે ૧૯૪ કરોડ રૂપિયા વધુ ચૂકવાયા હોવાનું ચોપડે સ્પષ્ટ થાય છે.**

વર્ષ ૨૦૨૧-૨૨ ના હિસાબો પ્રમાણે ગુજરાત બહારથી દૈનિક ૭.૨૬ લાખ કિલો દૂધ ખરીદના હિસાબથી કુલ ૨૬૪૯.૬૫ લાખ કિલો દૂધની ખરીદી કરવામાં આવી હતી જેનો સરેરાશ એવરેજ ફેટ ૫.૬૩ રહ્યો હતો જે પ્રમાણે, એક કિલો દૂધનો ભાવ ૩૯.૭૯ રૂપિયા ચૂકવાયો હતો અને આ વર્ષ દરમ્યાન ગુજરાત બહારથી કુલ ૧૦૫૪૨૩.૧૫ લાખ રૂપિયાની દૂધ ખરીદી કરવામાં આવી હતી. તો , આ વર્ષ દરમ્યાન ગુજરાતમાંથી દૈનિક ૨૧.૭૦ લાખ કિલો પ્રમાણે - ૫.૨૦ એવરેજ ફેટથી કુલ ૭૯૧૯.૩૪ લાખ કિલો દૂધની ખરીદી કરવામાં આવી હતી. જેમાં એક કિલો દૂધનો ભાવ ૪૧.૬૮ ચૂકવવામાં આવ્યો હતો. **આ હિસાબથી : વર્ષ ૨૦૨૧-૨૨ ની દૂધ ખરીદી દરમ્યાન મહેસાણાના દૂધ ઉત્પાદકોને રાજસ્થાનના દૂધ ઉત્પાદકો કરતાં સરેરાશ ફેટ ૫.૬૩ ની ગણતરી પ્રમાણે પ્રતિ કિલોએ ૩.૩૩ રૂપિયા વધુ ચૂકવવામાં આવ્યા છે અને તે ગણતરી પ્રમાણે આ વર્ષ દરમ્યાન રાજસ્થાન કરતાં મહેસાણાના દૂધ ઉત્પાદકોને વાર્ષિક આશરે ૨૬૪ કરોડ રૂપિયા વધુ ચૂકવાયા છે તે સ્પષ્ટ થાય છે.**

| વર્ષ | | કુલ દૂધ ખરીદી (લાખ કિલો) | રોજની દૂધ ખરીદી (લાખ કિલો) | એવરેજ ફેટ | કુલ ચુકવેલ રૂપિયા (લાખમાં) | એક કિલો દૂધનો ભાવ | એક સમાન ફેટ ૫.૮૭ પ્રમાણે એક લિટરનો ભાવ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ગુજરાત બહાર | ૨૫૦૮.૦૩ | ૬.૮૭ | ૫.૮૭ | ૧૧૦૧૯૦.૮૯ | ૪૩.૯૪ | ૪૩.૯૪ |
| | ગુજરાત | ૬૮૪૬.૩૭ | ૧૮.૭૬ | ૫.૨૮ | ૨૫૪૩૧૪.૮૬ | ૩૭.૧૫ | ૩૯.૧૨ |
| | રાજસ્થાન કરતા મહેસાણાના દૂધ ઉત્પાદકને એક કિલોએ ઓછા મળેલ રૂપિયા :- ૩૩૦ કરોડ | | | | | | -૪.૮૨ |

| વર્ષ | | કુલ દૂધ ખરીદી (લાખ કિલો) | રોજની દૂધ ખરીદી (લાખ કિલો) | એવરેજ ફેટ | કુલ ચુકવેલ રૂપિયા (લાખમાં) | એક કિલો દૂધનો ભાવ | એક સમાન ફેટ ૫.૬૩ પ્રમાણે એક લિટરનો ભાવ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ગુજરાત બહાર | ૩૦૯૫.૧૪ | ૮.૪૮ | ૫.૬૩ | ૧૧૮૪૮૪.૮૩ | ૩૮.૨૮ | ૩૮.૨૮ |
| | ગુજરાત | ૭૧૦૩.૨૭ | ૧૯.૪૬ | ૫.૨૬ | ૨૮૩૨૩૪.૧૪ | ૩૯.૮૭ | ૪૧.૦૧ |
| | રાજસ્થાન કરતા મહેસાણાના દૂધ ઉત્પાદકને એક કિલોએ વધુ મળેલ રૂપિયા :- ૧૯૪ કરોડ | | | | | | ૨.૭૩ |

| વર્ષ | | કુલ દૂધ ખરીદી (લાખ કિલો) | રોજની દૂધ ખરીદી (લાખ કિલો) | એવરેજ ફેટ | કુલ ચુકવેલ રૂપિયા (લાખમાં) | એક કિલો દૂધનો ભાવ | એક સમાન ફેટ ૫.૬૩ પ્રમાણે એક લિટરનો ભાવ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ગુજરાત બહાર | ૨૬૪૯.૬૫ | ૭.૨૬ | ૫.૬૩ | ૧૦૫૪૨૩.૧૫ | ૩૯.૭૯ | ૩૯.૭૯ |
| | ગુજરાત | ૭૯૧૯.૩૪ | ૨૧.૭૦ | ૫.૨૦ | ૩૩૦૦૫૮.૨૨ | ૪૧.૬૮ | ૪૩.૧૨ |
| | રાજસ્થાન કરતા મહેસાણાના દૂધ ઉત્પાદકને એક કિલોએ વધુ મળેલ રૂપિયા :- ૨૬૪ કરોડ | | | | | | ૩.૩૩ |

## એક લેખક જીવનની ધન્યતા ...

### પવિત્ર વહિવટની સાક્ષી સ્વરૂપ "દૂધસાગર પત્રિકા" ના એક વર્ષના સંભારણાનું સંકલન ચેરમેનશ્રી અને MD શ્રીને અર્પણ





જુના અનુભવી લોકો પાસેથી જાણવા મળે છે કે ; સ્વ.માનસિંહભાઈ પટેલ અને મોતીભાઈની અથાગ મહેનતથી આ દૂધસાગરનું નિર્માણ અને પાલન પોષણ થયું છે. સ્વ.માનસિંહભાઈ તો પોતાની જીંદગીના છેલ્લા નવ વર્ષ (જેમ માં પોતાના બાળકને નવ મહિના ગર્ભમાં રાખી જીવના ભોગે બાળકને જન્મ આપે તેમ) દૂધસાગરનો તંદુરસ્ત જન્મ કરી આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા પરંતુ, ધરતી વાંઝણી નથી હોતી ! મોતીબાપુએ પાંત્રીસ-પાંત્રીસ વર્ષ સુધી માં બનીને આ ડેરીનું પાલન પોષણ કર્યું ... થોડાક સમયના શૂન્યવકાશ પછી : આપણી દૂધસાગરમાં અશોક આગમન થયું. ફરી, દૂધસાગરમાં સતયુગી પવન ફૂંકાયા ... પશુપાલકો ગોકુળમાં કૃષ્ણતત્વની અનૂભુતી કરતા હતા એવું જ કંઈક : દર્શન હાલમાં દૂધસાગરમાં દેખાઈ રહ્યું છે !! ૧૯૮૭ ના વર્ષથી શરૂ થયેલી દૂધસાગર પત્રિકા ફરી જીવંત બને અને એક એક પશુપાલક પોતાની દૂધસાગરને ઓળખતો થાય તે માટે અશોકભાઈ ચૌધરીએ નવા રૂપરંગ સાથે દૂધસાગર પત્રિકા પ્રગટ કરવાની જવાબદારી અમને સોંપી એક અર્થમાં અમને સદ્ભાગી બનાવી દીધા !! માનસિંહભાઈ અને મોતીભાઈની દૂધસાગર માટે લખવા મળે એનાથી વિશેષ સદ્ભાગ્ય શું હોઈ શકે ? જોત જોતામાં એક વર્ષ ક્યાં પુરુ થઈ ગયું ખબર જ ના રહી ! આ દરમ્યાન ખુલ્લા મને હિસાબો જાણવાના - પ્રશ્નો પુછવાના લોકશાહીના તમામ હકો અમને ચેરમેનશ્રી, નિયામક મંડળ અને MD સહિતના ઉચ્ચ અધિકારીઓએ આપ્યા તે બદલ અંતરથી ધન્યવાદ

(ટીમ દૂધસાગર પત્રિકા)



## મોતીબાપુ શતાબ્દી મહોત્સવ (૨૦૨૨)

"સતત કાંતે તે તો સમજાય પણ ફાટેલાં કપડાં જાતે સાંધી લે અને એમાં મોંઘીબહેનનાં કપડાં પણ હોય. ઘરની આજુબાજુ સફાઈ અને ચોમાસામાં ઘાસ નીંદવાનું પણ ખરું જ "

**(કરશનભાઈ દેસાઈ)**

મોતીભાઈ બાળકો પર કદી ગુસ્સે થતા નહોતા એની સાક્ષી આપતાં મોતી બાપુની નાની દિકરી અરૂણા લખે છે : "એમણે નિચોવેલાં કપડાંમાંથી તમે પાણીનું ટીપું પણ ના કાઢી શકો. સૂકવે પણ ખંખેરી ખંખેરીને ક્રમબદ્ધ. તમને ક્યાંક કરચલી પણ ના મળે.જે વસ્તુ જ્યાંથી લીધી હોય તે યથાસ્થાને મુકાઈ ગઈ જ હોય "

**(અરૂણાબેન - મોતીબાપુના નાના દિકરી)**

# સાગર મંથન

## ગામની મંડળીમાં પાપ કોઈ એક કરે અને સજા આખું ગામ ભોગવે ? આ ક્યાંનો ન્યાય !!

કોઈપણ સંસ્થા પોતાના કર્મચારીઓની એકતા, સમજ અને કામવૃત્તિથી પોતાનું ભવિષ્ય નિર્માણ કરતી હોય છે. દૂધસાગર ડેરી એ લાખો પશુપાલકો - દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રીઓ - દૂધસાગરના હજારો કર્મચારીઓ અને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અનેક લોકો સાથે જોડાયેલી છે ત્યારે આ અંકથી એમના મનની સમસ્યાનું નિષ્ણાત અધિકારીઓ દ્વારા સમાધાન મળે તે આશય થી અમે ઉપલબ્ધ છીએ : સાગરમંથન કોલમથી ...

**પ્રશ્ન :** હું છેલ્લા તેર વર્ષથી દૂધસાગર સાથે જોડાયેલી એક ગ્રામીણ દૂધ મંડળીની મંત્રી તરીકે ની જવાબદારી સંભાળી રહ્યો છું. સાહેબ છેલ્લા પાંચ-છ વર્ષથી ગામમાં બે-ત્રણ માણસો દ્વારા ભરાવવામાં આવતું દૂધ હલકું પડે છે. જેના કારણે સરેરાશ ફેટ ઓછો આવવાથી ગ્રામજનોને નુકશાન થાય છે. એક વ્યક્તિ આવા વ્યક્તિઓ સાથે વેર બાંધવા માંગતો નથી તો સમગ્ર ગામના લોકોએ આવી પ્રવૃત્તિ રોકવા શું કરવું જોઈએ ?

**જવાબ :** આપણી દૂધસાગર એ સૌની સંસ્થા છે અને આવી મંદિર તુલ્ય સંસ્થા કે જે રોજેરોજ લાખો લોકોને રોજગારી આપે છે તેવી સંસ્થામાં ધારધોરણો વિહીન અને ગુણવત્તા વગરનું - જુદીજુદી ચીજવસ્તુઓનું ભેળસેળ કરી દૂધ ભરાવવું એ નૈતિક રીતે અને કાનૂની રીતે અપરાધ ભરેલો ગુનો છે. આવા તત્વો પોતાના નજીવા સ્વાર્થ માટે જાહેર આરોગ્ય, પોતાની દૂધ મંડળી અને સંસ્થાને ભયંકર નુકશાન કરી પાપના ભાગીદાર બની રહ્યા છે તે સમજી લેવું જોઈએ ! મંત્રીશ્રી, આપના નનામી પત્રમાં આપે દૂધ મંડળી અને આપનું નામ લખ્યું નથી જે યોગ્ય ન ગણાય. પરંતુ, આપની મજબૂરીને અમે સમજી શકીએ છીએ. દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતી કોઈપણ દૂધ મંડળીમાં કેટલાક ગણ્યાં ગાંઠ્યા દૂધગ્રાહકો આ પ્રકારની અનૈતિક પ્રવૃત્તિ કરતાં હોવાની શંકા જાય તો તરતજ દૂધસાગરના અધિકારીઓનો સંપર્ક કરી દૂધ ભરાવનાર દરેક ગ્રાહકના દૂધના સેમ્પલ લઈ તેનો વૈજ્ઞાનિક પધ્ધતિથી લેબોરેટરી ટેસ્ટ કરાવી આવા તત્વોને ઓળખી શકાય છે. સમગ્ર ગામના લોકોએ ભેગા મળી આવું દૂધ ભરાવનાર વ્યક્તિઓનો સામૂહિક બહિષ્કાર કરી તેમના દૂધને લેવાનું બંધ કરાવી દેવું જોઈએ જેથી પાડાના વાંકે પખાલીને ડામ ના પડે અને ભાવની બાબતમાં આખા ગામને નુકશાન ન જાય. આપણા ગામની દૂધ મંડળી એ આખા ગામની સહિયારી મિલકત છે તેથી મંડળીને કોઈ માલિકીનું મકાન માને તે તદ્દન ખોટી બાબત છે અને સમગ્ર ગામને નુકશાન કરી ભેળસેળ યુક્ત દૂધને મંડળીમાં ભરાવતા માણસોને નામ જોગ ગામમાં અને દૂધસાગરના વહિવટીય તંત્ર સમક્ષ ઉઘાડા પાડવા જોઈએ જેથી ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિ કરવાનું વિચારતા લોકો ઉપર અંકુશ લગાવી શકાય. આપણે શું ? એવા સ્વાર્થ ભરેલા દ્રષ્ટિકોણથી આવી પ્રવૃત્તિઓ વિરૂધ્ધ આંખ આડા કાન કરી સરવાળે આપણી જાતને નબળી પૂરવાર કરીએ છીએ અને તેથી આવા તત્વો જાહેર આરોગ્યને જીવલેણ નુકશાન પહોંચાડે છે. દૂધસાગર ડેરી આ બાબતે સંપૂર્ણ કડક અને કાનૂની રાહે આવા તત્વોને સજા મળે તેવો સ્પષ્ટ મત ધરાવે છે.

**મોતીબાપુ**
**શતાબ્દી વંદના વર્ષ**
**(2022)**



માણેકપુરમાં મોતી પાક્યું
અમરાપુર અજવાળ્યું જી !
ડેરીને 'દેરી' બનાવી
ગોપાલકને ગમતું જી !
હરિજનોની હામ છે 'બાપુ'
સાદાઈનું ધામ છે બાપુ,
જીવન જીવ્યા ડાઘ વિનાનું
શ્રમનું બીજું નામ છે બાપું.
સરકાર ને સહકારમાં આગળ જેનું કામ છે,
બોલો બધાં બાપુ બાપુ મૂળ તો મોતી નામ છે.
(ચંદ્રકાન્ત ડી. ઠાકર)

# સૂર્ય નારાયણની સાક્ષીએ મોઢેરામાં માનવતા માટેનું યોગપર્વ યોજાયું







**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદીન વધી રહી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભવ્ય વારસો અને ઋષિ પરંપરાનો એક ભાગ છે.

વર્ષ ૨૦૧૪ માં સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯ મી મહાસભામાં ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી.નરેન્દ્રભાઈ મોદીજીએ આંતરાષ્ટ્રીય યોગદિવસ મનાવવાનો પ્રસ્તાવ મુક્યો ત્યારે વિશ્વના ૧૯૩ દેશ પૈકી ૧૭૫ દેશોએ આ નિર્ણયને હરખભેર વધાવી લીધો હતો અને ૧૧ ડિસેમ્બર - ૨૦૧૪ ના રોજ અભૂતપુર્વ સમર્થન બાદ દરેક વર્ષની ૨૧ જૂનના દિવસને **"વિશ્વ યોગ દિવસ"** તરીકે મનાવવાનો નિર્ણય લેવાયો. તા.૨૧ જૂન - ૨૦૧૫ થી વિશ્વમાં યોગ દિવસ ઉજવવાની પરંપરા શરૂ થઈ. તાજેતરમાં તા.૨૧ જૂન - ૨૦૨૨ ના રોજ આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ હતી **"માનવતા માટેનો યોગ" (YOGA FOR HUMANITY)** આ વખતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે દેશના ૭૫ વિશ્વ વિરાસત ધરાવતા સ્થળો ઉપર ભારતમાં યોગ દિવસ મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આના ભાગરૂપે, આપણા જિલ્લામાં વિશ્વ વિખ્યાત આપણી ધરોહર **મોઢેરા સૂર્ય મંદીર** ખાતે ભારત સરકાર અને NDDB ના આર્થિક સહયોગથી યોગ દિવસ ઉજવવાનો નિર્ણય થયો. ખૂબજ ટૂંકા ગાળામાં આ કાર્યક્રમનું આયોજન કરવાનું હોઈ સરકાર માટે પણ આ એક વિશેષ પડકાર હતો. આવા સમયે વિશ્વ આખું ભારતની યોગ ધરોહર સમાન પર્વ ઉપર નજર રાખી રહ્યું હોય ત્યારે સમગ્ર કાર્યક્રમ વહેલી સવારે ૪:૩૦ કલાકથી સવારના ૮:૦૦ કલાક સુધી તેના ધારાધોરણ મુજબ નિયમબધ્ધ રીતે ચાલે અને પ્રથમ સ્થાનિક કાર્યક્રમ બાદ : ગુજરાત સરકારના મુખ્યમંત્રી અને ત્યારબાદ મૈસુરથી પ્રધાનમંત્રીશ્રી લાઈવ થાય ત્યાં સુધી સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુપેરે પાર પાડવાનું હતું. તેવા સમયે NDDB અને ભારત સરકારની નજર મહેસાણાની વિશ્વ વિખ્યાત દૂધસાગર ડેરીના મેનેજમેન્ટ ઉપર ઠરી ! અને ખૂબ ઓછા દિવસોમાં સફળતા મેળવવાના પ્રયાસ શરૂ થયા.

દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને MD શ્રી.ધીરજ કુમારે આ પડકાર ઉઠાવી એમાં સંપૂર્ણ ખરા ઉતરવાની જવાબદારી સંઘના ED શ્રી. પ્રવીણ કુમાર બાંભી અને મેનેજર શ્રી.અશ્વિનભાઈ ચૌધરી ઉપર પસંદગી ઉતારી અને શરૂ થઈ કવાયત યોગ દિવસને સફળ કરવા - કરવી પડતી પૂર્વ યોગની કપરી મહેનતની... માત્ર પાંચ દિવસના સમયગાળા દરમ્યાન આ બધી પૂર્વ તૈયારીઓ ઘણી અઘરી લાગતી હતી. બા-કાયદા એક વોટ્સઅપ ગ્રુપ તૈયાર કરવામાં આવ્યું. જવાબદારીની વહેંચણી કરવામાં આવી. વહેલી સવારે યોગાઅભ્યાસ કરવા આવતા વ્યક્તિઓની યોગાકીટ તથા વાહનવ્યવહારની વ્યવસ્થાથી લઈ અનેકો અનેક કામો માટે એક-એક વ્યક્તિને પ્રોત્સાહિત કરી સફળતા ન મળે ત્યાં સુધી ઉંઘ હરામ થઈ જાય એવી આકરી મહેનતથી મહેસાણા દૂધ સાગર ડેરીનું તંત્ર કામે લાગી ગયું.

આખરે ૨૧ જૂન ૨૦૨૨ ના સૂર્યનું પ્રથમ કીરણ મોઢેરા સૂર્ય મંદિર ઉપર પડે - તે પહેલાં ૫૫૦૦ જેટલા લોકો સૂર્ય મંદિરના પ્રાંગણની શોભા બની ઉપસ્થિત થઈ ચૂકયા હતા. કેન્દ્રીય ડેરી અને પશુપાલન મંત્રી શ્રી.પુરષોત્તમભાઈ રૂપાલા સાહેબ, રાજ્યના સ્વાસ્થ્ય કેબીનેટ મંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલ, મહેસાણાના સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ, ભાજપ મહામંત્રી શ્રી. રજનીભાઈ પટેલ, દૂધસાગરના ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરી, NDDB ના ચેરમેન શ્રી.મિનેષભાઈ શાહ, DAHD વિભાગના જોઈન્ટ સેક્રેટરી શ્રી. જી.એન. સિંઘ સાહેબ, મહેસાણા જિલ્લા કલેક્ટર શ્રી. ઉદિત અગ્રવાલ, બનાસ ડેરીના MD શ્રી. સગરામસિંહ ચૌધરી સહિત મહેસાણા જિલ્લા વહિવટીય તંત્ર અને NDDB ના અધિકારીઓ સહિત માનવ મહેરામણ યોગ દિવસને નવા અજવાળાં આપી રહ્યું હતું. પોતાના વક્તવ્ય દરમ્યાન કેન્દ્રના મંત્રી શ્રી. પુરષોત્તમભાઈ રૂપાલા સાહેબે જણાવ્યું કે : "આટલી વહેલી સવારે અહીં ઉપસ્થિત સ્વયંભૂ ઉમટેલી જનમેદની અને અભૂતપુર્વ વ્યવસ્થા માટે હું કાર્યક્રમના યજમાન એવા દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીને અભિનંદન આપું છું" તેઓએ જણાવ્યું કે, ભારતનો યોગ અને આર્યુવેદ એ આખા વિશ્વને દિશા સૂચન આપી રહ્યા છે અને યોગ તથા આર્યુવેદના ઉપયોગ થકી જ આપણે સ્વસ્થ વિશ્વનું નિર્માણ કરી શકીશું. સમગ્ર કાર્યક્રમને અંતે દૂધસાગર ડેરીના આ આયોજનને ચોતરફથી અભિનંદન પ્રાપ્ત થયા હતા. આ તબક્કે સંસ્થાના મેનેજર શ્રી.અશ્વિન વી. ચૌધરીનો કાર્યક્રમને સફળ બનાવવામાં અભૂતપુર્વ યોગદાન રહ્યું હતું.

**વિશ્વ યોગ દિવસનો સૂર્ય મંદિર ખાતેનો તમામ આર્થિક ખર્ચ ભારત સરકાર અને NDDB તરફથી કરવામાં આવ્યો હતો**

# ભારત સરકાર અને NDDB નો વિશ્વાસ

## દૂધસાગરે વિશ્વ યોગ દિવસમાં પૂરી દીધો પ્રાણ

















મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.

આસ્થા ડિજીટલ, મહેસાણા

પ્રાણ